R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 32/33 DATE: 17-08-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## એનડીએ સરકારના ભુતપુર્વ વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજનું નિધન



ભાજપના સિનિયર નેતા અને પુર્વ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજનું નિધન થયું છે.તેઓ ૬૭ વર્ષના હતા.તેમને ગંભીર હાલતમાં હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.ત્યાં તેમને હાર્ટ એટેક આવ્યો હતો.દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં તેમનું નિધન થયું હતું .સ્વરાજે તેમના ટ્વીટર પરથી વડાપ્રધાન મોદીને તેમની સરકારને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવાના પગલાં બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમણે લખ્યું હતું કે હું મારા જીવનના આ દિવસ જોવા માંગતી હતી.તેમના નિધનથી દેશને મોટી ખોટ પડી છે. તેઓ વ્યવસાયે વકીલ હતા.તેઓ મોદી સરકારમાં પ્રથમ કાર્યકાળમાં વિદેશ મંત્રી તરીકે ફરજ બજાવી હતી.ઈન્દીરા ગાંધી બાદ તેઓ વિદેશમંત્રી બનનારા બીજા મહિલા હતા. તેઓ સાત વખત સંસદમાં ચુંટાયા હતા. અને ત્રણ વખત ધારાસભ્ય બન્યા હતા.તેઓ ૨૬ વર્ષની વયે સૌ પ્રથમ વાર હરિયાણા રાજ્યમાં કેબિનેટ મંત્રી બન્યા હતા.કોઈ મહિલા આટલી નાની વયે મંત્રી બને તે ભારતનો સૌથી પ્રથમ કિસ્સો હતો.તેમણે દિલ્હીના પાંચમાં મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

સુષ્મા સ્વરાજ ભરતના સૌથી લોકપ્રિય રાજકારણી તરીકે ચાહના મળી હતી.૨૦૧૯માં તેમણે ચુંટણી લડવાનો ઈન્કાર કર્યો હતો.તેમણે અગાઉ કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું અને તેમની તબીયત નાજુક રહેતી હતી. આ કારણે તેમણે રાજકારણમાંથી અલિપ્ત થવાનો નિર્ણય લીધો હતો.

સુષ્મા સ્વરાજને નામે અનેક રેકોર્ડ છે. જેને હવે દેશ યાદ રાખશે. તેઓ ૧૯૭૭માં૨૫ વર્ષના હતા ત્યારે કેબીનેટ મંત્રી બન્યા હતા.૧૯૭૭થી ૧૯૭૯ સુધી સામાજિક કલ્યાણ,શ્રમ અને રોજગાર જેવા આઠ મંત્રાલય તેમણે સંભાળ્યા હતા.ત્યારબાદ ૨૭ વર્ષની વયમાં ૧૯૭૯માં તેઓ હરિયાણા ભાજપના રાજ્ય અધ્યક્ષ બન્યા હતા.તેઓ રાષ્ટ્રીય સ્તરની રાજકીય પાર્ટીના પ્રથમ મહિલા પ્રવક્તા હોવાનું ગૌરવ ધરાવે છે. આ ઉપરાંત તેઓવિપક્ષના પ્રથમ મહિલા નેતા રહ્યા હતા.

તેઓનો જન્મ અંબાલા છાવણીમાં ૧૪ ફેબ્રુઆરી,૧૯૫૩માં થયો હતો.તેઓએ પંજાબ યુની.ચંડીગઢમાંથી કાયદાની ડીગ્રી મેળવી હતી.અભ્યાસ પુર્ણ કર્યા બાદ તેમણે જયપ્રકાશ આંદોલનમાં ભાગ લીધો હતો.ઈમરજન્સીનો પુરજોશમાં વિરોધ કર્યા બાદ તેઓ રાજકારણમાં જોડાયા હતા.તેઓ ભારતીય સંસદના પ્રથમ અને એકમાત્ર મહિલા સભ્ય હતા જેમને આઉટસ્ટેન્ડીંગ પાર્લામેન્ટરીયન સન્માન મળ્યું હતું.તેમના પતિ પણ સ્વરાજ કૌશલ રાજકારણ માં સક્રીય હતા.કટોકટી બાદ તેઓ બાજપમાં જોડાયા હતા.તેમના પિતા આરએસએસના સક્રિય સભ્ય હતા.

સુષ્મા સ્વરાજે ૧૯૭૭માં સુપ્રીમ કોર્ટમાં વકીલ તરીકે પ્રેકટીસ કરી હતી..તેમણે ૧૯૭૦ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં જોડાઈને રાજકારણ તરફ પગ માંડ્યા હતા.સુષ્મા સ્વરાજ જ્યોર્જ ફર્નાન્ડીઝની લીગલ ડિફેન્સ ટીમમાં સામેલ રહ્યા હતા.

ભાજપના સિનિયર નેતાઓમાં સુષ્મા સ્વરાજનું અનોખુ સ્થાન હતું. જો કે નરેન્દ્ર મોદીના ઉદય્ બાદ કેટલાક નેતાઓ વિરોધી છાવણીમાં હતા. જેમાં સુષ્માજી વૈચારીક રીતે વિરોધી હોવાના નાતે તેને સાઇડમાં કરાયા હતા.



## જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ સંસદમાં બહુમતી ઠરાવ પસાર કરીને નાબુદ કર્યા બાદ ઐતિહાસિક કદમની ખુશી વ્યક્ત કરતાં ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ



સંસદમાં બંધારણની કલમ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જોને નાબુદ કરતાં ઠરાવ અને રાજ્યને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજનને મંજુરી આપતો સુધારો પસાર કરાયો હતો.આમ હવે જમ્મુ-કાશ્મીરના ઈતિહાસમાં અને ભુગોળ એકસાથે બદલાઇ ગયા છે. લોકસભામાં આ ઠરાવને ૭૨ સામે ૩૫૧ મતોથી મંજુરી મળી હતી.એક સભ્યે મતદાન કર્યુ નહોતું.આ મામલે થયેલી ચર્ચા દરમિયાન લોકસભામાં ભારે હંગામો થયો હતો.આ ઠરાવને અને બિલને રાજ્યસભામાથી પણ મંજુરી મળી ગઈ છે.જમ્મુ-કાશ્મીર અને લડાખ એમ બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજીત કરવાના બિલને ૭૦ની સામે ૩૭૦ મતોથી બહાલી મળી હતી.

જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન બિલ ૨૦૧૯ અને આર્ટીકલ ૩૭૦ના કેટલીક જોગવાઈઓને નાબુદ કરતાં ઠરાવ અંગેની ચર્ચાનો જવાબ આપતાં ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યુ હતું કે ભારત પાકિસ્તાન હસ્તક કાશ્મીરનો દાવો ચાલુ રહેશે.તેમણે અલગતાવાદી હુરિયત કોન્ફરન્સ સાથે કોઈપણ પ્રકારની વાટાઘાટો કરવાનો ઈન્કાર કર્યો હતો.જમ્મુ-કાશ્મીરની સ્થિતિ સ્પષ્ટ થશે તો સ્થિતિ સામાન્ય થશે.સરકાર ભુલ કરી રહી છે તેવા વિપક્ષોના આક્ષેપો ખોટા છે.આ ઐતિહાસિક ભુલ નથી પરંતુ અમે ઐતિહાસિક ભુલ સુધારી છે.૩૭૦ કલમની નાબુદી એ કોમી એજન્ડા નથી તેવા આક્ષેપો ખોટા છે.છેલ્લા દિવસોમાં ખીણમાં પ્રતિબંધો મુકવાના સરાકારના પગલાનાં બચાવમાં તેમણે કહ્યુ હતું કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી નથી જે કોઇ પગલાં લેવાયા તે અગમચેતીના છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

જમ્મુ-કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ને નાબુદ કરવાના પગલાંને એક વિનાશકારી પગલું ગણાવતાં રાજ્યસભાના સાંસદ અને નેતા ગુલામનબી આઝાદે કહ્યુ હતું કે 'આજનો દિવસ ભારતના બંધારણીય ઈતિહાસમાં 'કાળા દિવસ' તરીકે ઓળખાશે'.તેમણે કહ્યુહતું કે 'ભાજપની સરકાર સત્તાના નશામાં છે અને વોટ મેળવવા એકઝાટકે જ કલમ ૩૭૦ની સાથે ૩૫-એ ખતમ કરી દીધી છે.ભાજપની સરકારે આજે અમારા દેશનું માથુ કાપ્યું છે. તેમણે દેશને માથા વગરનો બનાવી દીધો છે'.આઝાદ કાશ્મીરનું વિભાજન અને કાશ્મીરને ખતમ કરવાનો કેન્દ્રના પ્રયાસનો આરોપ મુક્યો હતો.

જ્યારે પુર્વ ગૃહમંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ હતું કે 'અમને કોઇ દુર્ગતિની અપેક્ષા હતી પરંતુ તેઓ આવું વિનાશક પગલું ભરશે તેવું ખતરનાક સપનામાં પણ વિચાર્યુ નહોતું'

જ્યારે કાશ્મીરી પંડિતો જેમણે ૧૯૯૦ના દાયકામાં કાશ્મીર ખીણમાંથી હિજરત કરી હતી તેમણે સરકારના નિર્ણયને વધાવ્યો હતો.હવે તેઓ વતનની ભુમિ પર પાછા જઈ શકશે તેવી આશા વ્યક્ત કરી હતી.

કલમ-૩૭૦ને બસપા,આપ,બીજેડી જેવા ભાજપના વિરોધી પક્ષોએ સમર્થન આપ્યું હતું.શિવસેના,અકાલી દળ, એઆઇડીએમકે વિગેરે પણ સરકારને સમર્થન આપ્યુ હતું.જો કે બિહારના ભાજપના સાથી પક્ષ જેડી(યુ)મોદી સરકારના નિર્ણયનો વિરોધ કરી વોકઆઉટ કયો હતો.

૩૭૦મી કલમ જ્યાં રદ થઈ છે ત્યાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળે નહી માટે સરકારે પહેલેથી સપ્ત પોલીસ પહેરો,લશ્કરી દળોની ગસ્ત રાખી છે પરિણામે કોઇ છમકલાં થયા નથી. કેટલાક ઉચ્ચ નેતાઓની ધરપકડ કરાઇ છે. પરંતુ આસ્થિતિ ક્યાં સુધી રહેશે તે કહેવું વહેલું છે.કાયદામાં અનેક દલીલો છે તો ખરેખર સંસદમાં કલમ રદ થઈ છે કે તેની જોગવાઈઓ તે સમય કહેશે.

## મંતવ્ય

જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જા પ્રદાન કરતી ૩૭૦મી કલમ દુર કરાયાની સંસદમાં જાહેરાત જે રીતે કરાઇ છે એ જોતાં બંધારણીય મર્યાદાઓને લક્ષમાં લેતાં તેવું કરવું આસાન નથી. આ ઉપરાંત જે કાનુની તજજ્ઞો દ્વારા પોતાના મંતવ્યો જણાવવામાં આવ્યા છે તે મુજબ કલમ ૩૫-એમાંની કેટલીક જોગવાઈઓને દુર કરવામાં આવી છે.ખરેખર મુખ્ય મુદ્દો જમ્મુ-કાશ્મીરમાં મિલ્કતો ખરીદવાનો જ મોટો પ્રશ્ન છે. બહારની કોઇ વ્યક્તિ ત્યાં જમીન જાગીર ખરીદી શકતી નથી. અને દેશના અતિ ધનવાન લોકોને આ બધી જગ્યાઓ જોઇએ છે.શું કોઇના લાભ માટે દેશની જનતાને મુર્ખ બનાવવાનો કીમીયો સરકારે શોધી તો નથી કાઢ્યોને ?. કારણકે સરકારે આ પહેલા પાંચ વર્ષમાં આપેલા વચનોની પુર્તિ કરી નથી અને એ જુમલાઓજ સાબિત થયા છે. અને ૩૭૦મી કલમ નાબુદ કરવામાં આવી છે તેવી જોરશોરથી રજુઆત કરનારાએ ૧૫ લાખ તમારા ખાતામાં આવશે એવા પોકળ વચનો માત્ર જુમલો જ હતા તેવું જાહેરમાં કહી ચુક્યા છે.

મહેશકુમાર પી. પરમાર


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૯,૩૫૩૮૩૩૨૨



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# કર્ણાટકમાં ભારે રાજકીય ઉથલપાથલ બાદ ભાજપના યેદુરપ્પાએ મુખ્યમંત્રી તરીકે ગર્વનર વજુભાઇ વાળા દ્વારા શપથ લીધા



# કાશ્મીરમાં વિકાસમાં અવરોધક બનતા પરિબળોને વડાપ્રધાને મન કી બાતમાં ચીમકી આપી

વડાપ્રધાને મનકી બાતમાં કાશ્મીરનો વિકાસ,જળનીતિ, જળસંકટ,ચંદ્રયાન-૨નું લોન્ચીંગ લગતા મુદ્દાઓની ચર્ચા કરી હતી.તેમણે કહ્યુ હતું કે કાશ્મીરન વિકાસ અવરોધનારાઓ તેમજ નફરત ફેલાવનારાઓના મનસુબા ક્યારેય સફળ નહી થાય.કાશ્મીરના લોકો દેશના મુખ્ય પ્રવાહમાં જોડાવા બેતાબ છે. તેમણે દેશના કેટલાક વિસ્તારોમાં પુરમાં ફસાયેલા લોકોને સરકાર દ્વારા તમામ મદદની ખાત્રી આપી હતી.તેમણે ૨૫ મીનીટ લોકોને સંબોધન કર્યુ હતું.અમરનાથ યાત્રીઓની સેવા કરવા માટે તેમણે કાશ્મીરના લોકોનો આભાર માન્યો હતો.અને અભિનંદન પાઠવ્યા હતા.

મોદીએ કહ્યુ હતું કે કાશ્મીરના લોકો વિકાસની મુખ્ય ધારામાં જોડાવા તત્પર છે. આ માટે તેમણે શોપિયા મોહમ્મદ અસલમનો ઉલ્લેખ કર્યો હતો.અસલમે માય ગાંવ એપ પર કોમ્યુનીટી મોબિલાઇઝેશન પ્રોગ્રામ બેક ટુ વિલેજની માહિતી આપી હતી.જેમાં ૪૫૦૦થી વધુ ગ્રામ પંચાયતોના લોકોએ અધિકારીઓને તેમની સમસ્યાઓથી માહિતગાર કર્યા હતા.અધિકારીઓએ પણ તેમને સરકારી યોજનાઓનો લાભ મળે છે કે કેમ તેની પુછપરછ કરી હતી..

# અમેઠીમાં પુર્વ સૈન્ય અધિકારીને ટોળા દ્વારા ઘરમાં ઘુસીને હત્યા કરવામાં આવી

ઉત્તરપ્રદેશના અમેઠીમાં ૬૪ વર્ષીય એક નિવૃત સૈન્ય અધિકારી અમાનુલ્લાહની ટોળા દ્વારા હત્યા કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા પ્રમાણે કમરૌલી થાનાની હદમાં આવતાં ગોદિયનના પુરવા ગામમાં આ ઘટના બની હતી.તેઓ અને તેમની પત્ની ઘરમાં એકલા હતા. ત્યારે તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો.એક ટોળું તેમના ઘરમાં ઘુસી ગયુ હતું અને લાકડીઓ દ્વારા તેમની પર મારપીટ કરવામાં આવી હતી.અમાનુલ્લાહના પુત્ર ઈબ્રાહીમે જણાવ્યુ હતું કે ત્યારે ઘરમાં તેમના માતાપિતા જ હતા.તેમનું મકાન પણ રોડ સાઇડ હોવાથી ગુંડાતત્વો ઝડપથી તેમના ઘરમાં ઘુસી ગયા હતા.અને હુમલો કરીને નાસી ગયા હતા.ઈબ્રાહીમે વધુમાં જણાવ્યુ હતું કે તેના માતા-પિતાને દોરડાથી બાંધીને લાકડીઓથી માર માર્યો હતો.આ દરમિયાન તેમના પિતાને માથામાં લાકડી વાગવાથી તેમનુ ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.ત્યારબાદ તેની માતાનું પણ ઈજાના કારણે મોત નિપજ્યું હતું.કટ્ટરવાદી વિચારધારાને કારણે દેશમાં ફેલાઈ રહેલી નફરતની આગને રોકવા માટે સરકારે કટિબધ્ધ બનું પડશે.ઠેર ઠેર બની રહેલા મોબલીચીંગના બનાવોથી વિશ્વસ્તરે દેશની આબરુ ઘવાઇ રહી છે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# નિર્ણયાક નેતૃત્વના ૩ વર્ષ

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નિર્ણાયક નેતૃત્વના ત્રણ વર્ષ

૧. ગૌહત્યા અટકાવવા કડક કાયદો
૨. ગુજરાતનો વિકાસ દર ૧૦.૪ ટકા
૩. ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોના હિતને પ્રાધાન્ય આપીને સુચિતસોસા. અને યુએલસીની ફાજલ જમીન માટે માલિકીના હક્કો
૪. ઓનલાઇન એને.ઓનલાઇન લેઆઉટ નકલા સિસ્ટમ અને એન્ટી કરપ્શન બ્યુરોનું મજબુતીકરણ
૫ શાળાઓના શિક્ષકો અને વિદ્યાથીઓની હાજરીની ચકાસણી માટે ઓનલાઇન ટ્રેકીંગ સિસ્ટમ
૬. વરસાદી પાણીના સંગ્રહ માટે સુજલામ-સુફલામ જળ અભિયાન,ગુજરાતનીજીવાદોરી સમાન નર્મદા યોજનાનું વર્ષોથી ચાલતું કામ સંપન્ન
૭. દિકરીઓના જન્મદર વધે તે માટે વહાલી દીકરી યોજના,વિધવા પેન્સન અન્નપુર્ણા યોજના, મહિલાઓ માટે ૩૩ ટકા અનામત
૮. નવી ૬ મેડીકલ કોલેજોમાં ૨૦૦ બેઠકોનો વધારો
૯. પ્રવાસના વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનીટી, નકા બેટમાં સીમા દર્શન,રાજકોટમાં ગાંધી મ્યુઝીયમ,સાંસણમાં સિંહ દર્શન,દાંડીમાં વર્લ્ડ કલાસ ગાંધી એકઝીબિશન,બાલાસિનોરમાં ડાયનોસર પાર્ક અને કચ્છનું સફેદ રણ
૧૦. યુવાધનને નશાખોરીથી બચાવવા માટે હુક્કાબાર ઉપર પ્રતિબંધ અને દારૂબંધી પર કડક કાયદો,ડ્રગ્સના સેવનને રોકવા વ્યાપક પગલાંઓ
૧૧. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોને લાખોની સંખ્યામાં સુવિધાયુક્ત પાકા મકાનો
૧૨. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ગુનેગારો ઉપર બાજ નજર રાખવારાજ્યના તમામ શહેરોમાં સીસીટીવી કેમેરા સર્વેલ્સ નેટવર્ક
૧૩. ખેડુતોને ઝીરો ટકાના વ્યાજના ધિરાણ : રુચ ૫૦૦ કરોડનું રિવોલ્વીંગ ફંડ અને રૂ.૮૫૦૦ કરોડથી વધુના કૃષિ ઉત્પાદનની સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી
૧૪. પ્રદુષણ રોકવા સૌર ઉર્જા,રુફ ટોપ સોલાર પ્લાન્ટ,વિન્ડ પાવર જેવા બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોત્રોમાં ગુજરાત સૌથી મોખરે
૧૫. ગરીબ લોકોને સારવાર તેમજ ઓપરેશન માટે આયુષ્યમાન ભારત,મા અમૃતમ, મા વાત્સલ્ય યોજનાથી લાખો પરિવારોને આર્થિક મદદ
૧૬. સરકારી નોકરીઓમાં દોઢ લાખ કર્મચારીઓની પારદર્શક પ્રક્રિયાની ભરતી, રોજગાર મેળના માધ્યમથી ૧૫ લાખ યુવાનોને રોજગાર-સ્વરોજગારની તકો
૧૭. દિવ્યાંગોના લાભાર્થે, યોગના પ્રસાર માટે નિગમ,સામાજીક સમરસતા માટે બિનઅનામત નિગમ અને આયોગની રચના
૧૮. વનબંધુઓના કલ્યાણ અર્થે પેસા એક્ટની અમલવારી અને વંચિતોને સાથણીની જમીનોની સોપણીની ઝુંબેશ
૧૯. મંગા પશુ-પંખીઓ પ્રત્યે કરુણા : દુષ્કાળના વર્ષમાં ૧૫ કરોડ કિલોથી વધુ ઘાસનું વિતરણ,કરુણા એનીમલ એમ્બ્યુલન્સ સેવાની શરુઆત.

# સંકલ્પથી સિધ્ધિ તરફની નિરંતર આગેકુચ

શ્રી નરેન્દ્રભાઇ મોદી
વડા પ્રધાન- ભારત

શ્રી વિજયભાઇ રુપાણી
મુખ્યમંત્રી ગુજરાત

# મોદી સરકારની મુસ્લીમ મહિલાઓને સશક્ત ભેટ : રાજ્યસભામાં ત્રણ તલાક ખરડાને ઐતિહાસિક મંજુરી

મુસ્લીમ મહિલાઓને એકીસાથે ત્રણ તલાક આપવાને ગુનો જાહેર કરતો ઐતિહાસિક ખરડો રાજ્યસભામાં પસાર થયો છે.પહેલાં લોકસભા અને હવે રાજ્યસભામાં પસાર થયેલા મુસ્લીમ મહિલા (લગ્ન અધિકાર સંરક્ષણ) ખરડો હવે રાષ્ટ્રપતિના દરબારમાં જશે.રાષ્ટ્રપતિની મંજુરી મળ્યા બાદ તે કાયદાનું સ્વરુપ ધારણ કરશે. સંસદના બંન્ને ગૃહોમાં પસાર થયા બાદ હવે ત્રણ તલાક ગેરકાનુની ગણાશે તથા દોષીને ૩ વર્ષની સજા થશે સાથે સાથે પીડીત મહિલાઓ પોતાના અને સગીર સંતાનો માટે ખોરાકી માંગી શકશે.

રાજ્યસભામાં રજુ કરવામાં આવેલા ત્રણ તલાક ખરડાને મતદાનમાં ૯૯ વિરુધ્ધ ૮૪ વોટ મળ્યા હતા.બસપા,પીડીપી,ટીઆરએસ,જેડીયુ, એઆઈએડીએમક,અને ટીડીપી વિરોધમાં વોટીંગ કર્યુ હતું. તેમજ ઘણા પક્ષોએ વોટીંગમાં ભાગ ન લેતાં સરકાર માટે ખરડો પસાર કરવાનું સરળ બન્યું હતું.ખરડામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈનો કોગ્રેસે વિરોધ કર્યો હતો.કોગ્રેસના રાજ્યસભાના વિપક્ષી નેતા ગુલામનબી આઝાદે ૩ વર્ષની સજાનો વિરોધ કરતાં કહ્યુ હતું કેઆ ખરડાને સિલેક્ટ કમિટિ સમક્ષ મોકલવાની અમારી માંગ છે. જો કે ખરડાને સિલેકટ કમિટિ પાસે મોકલવાનો પ્રસ્તાવ ૮૪ વિરધ્ધ ૧૦૦ વોટથી રદ બાતલ થયો હતો.

ઓગષ્ટ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ત્રણ તલાકને ગેરબંધારણીય ઠરાવ્યો હતો.અને સરકારને કાયદો બનાવવાનો આદેશ આપ્યો હતો.સરકારે ડિસેમ્બર ૨૦૧૭માં લોકસભામાં મુસ્લીમ મહિલા(વિવાહ અધિકાર સંરક્ષણ) ખરડો પસાર કરાવ્યો હતો. પરંતુ રાજ્યસભામાં આ ખરડો અટકી પડ્યો હતો.૨૦૧૮માં આ ખરડામાં સરકારે સુધારા કર્યા હતા જો કે ફરી વાર તે રાજ્યસભામાં આ ખરડો અટકી ગયો હતો.ત્યારબાદ સરકારે સપ્ટે.૨૦૧૮માં વટહુકમ લઈને આવી હતી. તેમાં વિપક્ષની માંગ હતી તે સામેલ કરવામાં આવી હતી. ચાલુ વર્ષની ૨૬મી જુલાઈએ ત્રણ તલાક ખરડો લોકસભામાં પસાર થયો હતો. અને આખરે તે રાજ્યસભામાં પસાર થતાં હવે તે કાયદાના સ્વરુપે જોવા મળશે.

# આકરા દંડની જોગવાઇ સાથેનું મોટર વ્હીકલ બિલ રાજ્યસભામાં પાસ થતાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ લોકો દંડાશે

રાજ્યસભામાં મોટર વ્હીકલ બિલ પસાર કરી દેવાયું હતું. આ બિલ પસાર થતાંજ ડ્રાઈવીંગ લાઈસંસ ઈસ્યુ કરવા અને ટ્રાફિકના ઉલ્લંઘન અંગે આકરા દંડની જોગવાઈ કરવામાં આવી છે.આ બિલમાં માર્ગ સુરક્ષા માટે વધુ કડક કદમો ઉઠાવવામાં આવ્યા છે.ઉપલા ગૃહે મોટર વ્હીકલ(સુધારો) બિલ ૨૦૧૯ને ૧૦૮ વિરુધ્ધ ૧૩ મતથી પસાર કર્યુ હતું.રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતીન ગડકરીએ આ બિલમાં ત્રણ સુધારા સુચવ્યા હતા. આ બિલમાં ટ્રાફિકના ભંગ બદલ મોટા દંડની જોગવાઈ કરવામાં આવી છે.આ ઉપરાંત અકસ્માતમાં મોતના કેસમાં રુપીયા પાંચ લાખ અને ગંભીર ઈજાઓના કેસમાં સવાબે લાખ રુપીયાની જોગવાઈ કરવામાં આવી છે.ટ્રાફિક ભંગમાં હવે દસ ગણો વધારે દંડ ભરવાનો રહેશે.ગડકરીએ કહ્યુ હતું કે દેશમાં આજે ૨૨થી ૨૫ લાખ ડ્રાઈવરોની જરુર છે.અને ગેપ પુરી કરવા માટે ટ્રેનીગ સેન્ટરો હોવા જરુરી છે.સમગ્ર દેશમાં આવા ટ્રેનીંગ સેન્ટરો ખોલવા માટે એક કરોડની સબસીડી કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# વ્હાઇટ ઇકોનોમીને પ્રોત્સાહનથી નયા ભારતના નિર્માણમાં આવકવેરા વિભાગે મહત્વની ભુમિકા ભજવવાની છે : મુખ્યમંત્રીશ્રી રુપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ દેશમાંથી કાળા નાણાંનુ સામ્રાજ્ય ખતમ થઈ જાય અને વ્હાઈટ ઈકોનોમીને પ્રોત્સાહન મળે તે માટે પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં લેવાઈ રહેલા નયા ભારત નિર્માણના નવા પગલાંઓમાં આવકવેરા વિભાગની ભુમિકા અહમ રહેશે તેવો સ્પષ્ટ વ્યક્તિ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ હતું કે ભારત પાંચ ટ્રીલયન ડોલરની આર્થિક મહાસત્તા બનો તે માટે હરેક નાગરિકે ઈમાનદારીથી કરવેરાઓ થકી યોગદાન આપવાનું વાતાવરણ બનાવવું આવશ્યક છે.મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં ગુજરાત ઈન્કમટેક્ષ દ્વારા ૧૫૯માં ઈન્કમટેક્ષ ડે ના ઉજવણી સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

તેમણે આ અવસરે પ્રમાણિકતાથી વેરો ભરનારા વરિષ્ઠ કરદાતાઓ સહિત શ્રેષ્ઠ પ્રદાન કરનારા ઈન્કમટેક્ષ કર્મયોગીઓના સન્માન કર્યા હતા. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પુરસ્કૃત કરવા સાથે મુખ્યમંત્રશ્રીએ ઈ-કરદાતા અભિયાન અને યુવા સ્ટાર્ટ અપ માટેના ફેલીસીટેશન કેન્દ્રનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

ઈમાનદાર કરદાતાઓનું સન્માન થાય અને બેઈમાન દંડિત થાય એવી ક્લીન ઈકોનોમી માટે વર્તમાન કેન્દ્ર સરકાર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી પ્રતિબધ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું.તેમણે કહ્યુ હતું કે ગુજરાત સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં અગ્રેસર છે તેજ રીતે પ્રમાણિકતાથી કર ભરવામાં પણ ગુજરાત દેશમાં અગ્રેસર છે તેનું કારણ છે કે આવકવેરો ભરવામાં અત્યારે ગુજરાત દેશમાં પાંચમાં નંબરે અને તે રીતે દેશમાં ગુજરાત રોલમોડલ બની રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે આવકવેરા વિભાગ દ્વારા છેલ્લા આઠ-નવ વર્ષથી આવકવેરા દિવસની ઉજવણી કરી પીપલ ફ્રેન્ડલી વાતાવરણ બનાવવાની સારી શરુઆત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે તેનાથી કર નહીં ભરનારા લોકો પણ કર ભરવા માટે આગળ ાવશે. ટેક્સ દ્વારા આવક દેશના વિકાસ માટે ખુબજ મહત્વપુર્ણ છે. ક્રિસ્ટલ ક્લિયર પોલીસીને કારણે ગુજરાત દેશમાં રોકાણમાં અગ્રેસર છે. તથા નયા ભારતના નિર્માણમાં સંકલ્પ થી સિધ્ધિ દ્વારા ગુજરાત પાછળ નહીં રહે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.આવકવેરાના પ્રધાન મુખ્ય આયુક્ત શ્રી અજયકુમાર મહેરોત્રાએ જણાવ્યુ કે દેશમાં ૧૮૬૦માં સૌ પ્રથમવાર જેમ્સ વિલ્સન દ્વારા આવકવેરો દાખલ કરવામાં આવ્યો હતો. અને પહેલા આવકનું કલેકશન રુ.૩૦ લાખ હતું આજે તે વધીને ૧૧.૩૦લાખ કરોડનું થયું છે. દેશના ૩૬.૫ લાખ લોકો આવકવેરો ભરે છે.(સૌ.મા.બ્યુ.)




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## જાણવા જેવું !

વિશ્વનો સૌથી વિશાળ ધોધ નાયગ્રા છે.

પહેલું ક્રેડીટ કાર્ડ ૧૯૫૧માં અમેરીકન એક્સપ્રેસ દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

જાપાનમાં પહેલી ઓક્ટોમ્બર ઓફીસીયલ કોફીડે તરીકે મનાવાય છે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.